# શ્રી ત્રણ ગામ મહેસાણા ડિસ્ટ્રીક્ટ ચેરીટેબલ ટ્રસ્ટ

## શ્રી ત્રણ ગામ મિત્ર મંડળ–મુંબઈ

(મહેસાણા - વિસનગર - વડનગર)

શ્રીમતી કાંતાબેન ચંપકલાલ હરડે પરિવાર
સેવાગૃહ

શ્રીમતી અમથીબેન ડાહ્યાભાઈ ઘેલાભાઈ શાહ પરિવાર
કાયમી વૈદકીય સહાય ફંડ

શ્રીમતી ચંપાબેન છનાભાઈ હરીચંદ ગાંધી પરિવાર
કાયમી કેળવણી સહાય ફંડ

શ્રીમતી લીલાવતીબેન રતીલાલ શીરોયા પરિવાર
(કરબટીયા) કાયમી સાધર્મિક અનાજ સહાય ફંડ

શ્રી. ચંદુલાલ નગીનદાસ ભાંખરીયા પરિવાર ૧૦ વર્ષીય મેડિકલ કેમ્પ સહાય ફંડ
શ્રી. ચંદુલાલ નગીનદાસ ભાંખરીયા પરિવાર ૫ વર્ષીય તીર્થક્ષેત્ર યાત્રા પ્રવાસ સહાય ફંડ
શ્રી. ચંદુલાલ નગીનદાસ ભાંખરીયા પરિવાર સર્વસાધારણ સહાય ફંડ

શેઠશ્રી પારેખ ભુરાભાઈ સુરચંદ વીરચંદ કરમચંદ અને છગનલાલ પિતાંબરદાસ ચેરીટી ટ્રસ્ટ (મહેસાણા)
કાયમી સર્વ સાધારણ સહાયફંડ

૧૧–૪–૨૦૧૯

માનનીય સભ્ય શ્રી/શ્રીમતી

સર્વે સભ્ય પરિવારને આનંદ અને ગૌરવ સાથે જણાવવામાં આવે છે કેગુડી પડવાના દિવસે સંસ્થા દ્વારા આપણી પોતાની વેબસાઈટ ચાલુ કરવામાં આવી છે. **WEBSITE NAME : www.tgjmm.org** હવે તમો વેબસાઈટ ઉપર ભાવી કાર્યક્રમ ની વિગતો, ફોર્મ, તમારા પરિવારની વિગતો વગેરે જોઈ શકશો, મેળવી શકશો. તમારા એડ્રેસ કે ફોન નંબર કે પરિવાર ની વિગતમાં ફેરફાર હોય તો વેબસાઈટ પર જઈ મેમ્બર્સ ડીટેલ્સ માં આપની વિગત મોકલી આપો જેથી તેને અપડેટ કરી શકાય.

વેબસાઈટનો વિવિધ લાભ દરેક પરિવારને મળશે. હવે પછી વિવિધ યોજનાઓ આપને જણાવવામાં આવશે. લગ્ન સંબધી, વ્યવસાય સંબધી, નોકરી – જોબ સંબધી વિગેરે વિગતો પણ અપડેટ કરવામાં આવશે. તથા વેબસાઈટ પર વિવિધ પેજ ઉપર જાહેરાત/ફોટા ની સ્કિમ નો લાભ પણ આપવાની યોજના છે. જેની સંપુર્ણ વિગત થોડા દિવસોમા મુકવામાં આવશે. જેને સરકુલર ન મળતા હોય તે વેબસાઈટ પર જઈ વિગત મેળવી શકે છે.

**વેબસાઈટ સ્પોન્સર કરવામાટે ભદ્રેશભાઈ જસવંતભાઈ શાહ પરિવારની ભુરી ભુરી અનુમોદના.**

૫૩માં વર્ષની ઉજવણી પ્રસંગે સંસ્થા દ્વારા યોજેલ ૧૩–૦૧–૨૦૧૯ રોજનો સ્નેહમિલન કાર્યક્રમ તથા મેડિકલ કેમ્પ નું સુંદર આયોજન કરવામાં આવેલ. સભ્ય પરિવાર તથા આમંત્રિત મહેમાનોએ હાજર રહી પ્રસંગને વધાવ્યો.

**ક્રિકેટ સ્પર્ધા** : આપણી યુવા પાંખ દ્વારા ૨૬–૧–૨૦૧૯ ના રોજ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેને સુંદર પ્રતિસાદ મળેલ. લગભગ ૭૨ વ્યક્તિઓએ સ્પર્ધા માં ભાગ લિધેલ. કુલ ૮ ટીમો બનાવવામાં આવી હતી. જેમા ૨ લેડીજ અને ૬ જેન્ટસ ટીમ હતી. તેમને પ્રોત્સાહીત કરવા લગભગ ૧૨૦ થી વધુ સંખ્યામાં પરિવાર સભ્યો હાજર રહેલ. પ્રથમ વિજેતા ટીમ બોરીવલી ટીમ ને એવોર્ડ મળેલ. તથા વિવિધ ઈનામો અને એવોર્ડ્સ આપવામાં આવેલ. ક્રિકેટ સ્પર્ધા ની સફળતા અને ઉત્સાહ મેમ્બરોમાં એટલો હતો કે દરવર્ષે આવી સ્પર્ધા પુરૂષ–સ્ત્રી બન્ને માટેનું આયોજન કરવાનું નક્કી કરેલ. તથા આવતા વર્ષમાટે ૮ ટીમોના સ્પોન્સર પણ જાહેર થઈ ગયેલ. સુંદર આયોજન માટે તમામ યુવા પાંખના સભ્યોને હાર્દિક અભિનંદન.

**શ્રી. ચંદુલાલ નગીનદાસ ભાંખરીયા પરિવાર પંચ વર્ષીય તીર્થક્ષેત્ર યાત્રા પ્રવાસ શ્રી સમેત શીખરજી તીર્થ પ્રવાસ**

દર વર્ષની જેમ શ્રી. ચંદુલાલ નગીનદાસ ભાંખરીયા પરિવાર યજમાન ના બેનર નીચે યાત્રા પ્રવાસનું આયોજન નવેમ્બર મહિનામાં કરવામાં આવેલ છે.

તા. ૧૪–૧૧–૨૦૧૯ ગુરૂવારે ટ્રેન દ્વારા પ્રયાણ મુંબઈથી, તા. ૨૪–૧૧–૨૦૧૯ બનારસ થી પ્રયાણ કરી અને ૨૫–૧૧–૨૦૧૯ સોમવાર પરત મુંબઈ યાત્રા પ્રવાસનું આયોજન કરેલ છે. પ્રવાસ માટે રજીસ્ટ્રેશન ચાર્જીસ સભ્ય પરિવાર માટે રૂા. ૮૦૦૦/– વ્યક્તિ દીઠ રાખેલ છે. જે દિકરી બાહરગામ પરણાવી હોય તેના પરિવારમાંથી યાત્રા પ્રવાસમાં જોડાવા માંગતા હોય તેમના માટે વ્યક્તિ દીઠ રૂા. ૯૫૦૦/– તથા અન્ય બહારની વ્યક્તિ કોઈ પ્રવાસમાં જોડાવવા માંગતી હોય તો રૂા. ૧૧૦૦૦/– વ્યક્તિ દીઠનો ચાર્જ રાખેલ છે. ૩ વર્ષથી ઉપરના બાળકનો સંપુર્ણ ચાર્જ ભરવાનો રહેશે.

યાત્રા પ્રવાસમાં બાહરની વ્યક્તિઓનું (ગેસ્ટ) રજીસ્ટ્રેશન તા. ૩૦-૦૪-૨૦૧૯ બાદ જો સભ્ય પરિવારની પૂર્તી સંખ્યા નહીં થાય તોજ લેવામાં આવશે તેની નોંધ લેવી. ફક્ત ૧૫૦ નામ લેવાના હોવાથી વહેલા તે પહેલા ધોરણે તમારા નામ ૩૦-૦૪-૨૦૧૯ પહેલા નીચેના સરનામે પૈસા ભરી નોંધવશો, સભ્ય પરિવારનું રજીસ્ટ્રેશન ૨૩-૦૪-૨૦૧૯ થી ૩૦-૦૪-૨૦૧૯ દરમ્યાન કરવામાં આવશે. કેન્સલ કરનાર ને પૈસા પરત કરવામાં નહી આવે તથા બીજાના નામે ટ્રાન્સફર પણ કરવામાં નહીં આવે. યાત્રા પ્રવાસ માટે આ સાથે અરજી ફોર્મ મોકલાવેલ છે તે ભરીને રજીસ્ટ્રેશન સાથે આપવું. રજીસ્ટ્રેશન ફોર્મ વેબસાઈટ ઉપર પણ ભરી શકશે. પરંતુ પૈસા નીચે જણાવેલા સ્થળેજ ભરવાના રહેશે. વેબસાઈટ પર ફોર્મ ભરનારે બે દિવસમાં પૈસા ભરી દેવા, પૈસા ભર્યા બાદ તમારૂ નામ કનફર્મ ગણવામા આવશે. પ્રવાસમાં સંજોગ વસાત કાર્યક્રમમાં ફેરફાર કરવાનો કે રદ્દ કરવાનો અધિકાર કારોબારી સમિતીનો રહેશે તથા પ્રવાસમાં કોઈપણ પ્રકારના અઘટિત બનાવ માટે સંસ્થા કે કારોબારી સભ્યોની જવાબદારી રહેશે નહી તેની નોંધ લેવી. દરેક જણે પોતાનું આઈડી પ્રુફ સાથે રાખવુ.

વિશેષ નોંધ : રેલ્વે ટિકિટનું બુકીંગ કનફર્મ મળશે તોજ યાત્રા પ્રવાસે લઈ જવામાં આવશે. સંસ્થા દ્વારા કોઈપણ સંજોગોમાં કાર્યક્રમ રદ્દ કરવામાં આવશે તો રજીસ્ટ્રેશન ચાર્જ પરત કરવામાં આવશે.

અમોને જણાવતાં આનંદ થાય છે કે નીચેની વ્યક્તિઓએ ઉપરના યાત્રા પ્રવાસ માટે પોતાનું અનુદાન જાહેર કરેલ છે. સંસ્થા દરેક દાતાઓની ભુરીભુરી અનુમોદના કરે છે.

| દાતાઓ શ્રી ના નામ | રકમ |
|---|---|
| શ્રી. ચંદુલાલ નગીનદાસ ભાંખરીયા પરિવાર | પંચવર્ષીય યાત્રાના મુખ્ય દાતા |
| શ્રી. ધનકુમાર સ્વરૂપચંદ પારેખ પરિવાર | ૧,૧૧,૦૦૦/- |
| શ્રી. નરેંદ્રભાઈ શાંતિલાલ પરીખ પરિવાર | ૧,૦૦,૦૦૦/- |
| શ્રી. પ્રવિણભાઈ કાંતિલાલ વખારીયા પરરિવાર | ૫૧,૦૦૦/- |
| શ્રી. અજયભાઈ અમૃતલાલ શાહ પરિવાર | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી ઉર્મીલાબેન ઈશ્વરભાઈ પટવા પરિવાર | ૨૭,૦૦૦/- |
| શ્રીમતી કંચનબેન સુમતિલાલ શાહ પરિવાર | ૨૭,૦૦૦/- |
| શ્રી. જતીન પ્રતાપરાય પરીખ પરિવાર | ૨૭,૦૦૦/- |
| શ્રી. મિનેષ આર. શાહ પરિવાર | ૨૭,૦૦૦/- |
| શ્રી. મહેંદ્રભાઈ નાગરદાસ શાહ પરિવાર | ૨૫,૦૦૦/- |
| શ્રી. નરેંદ્રભાઈ બેચરદાસ શાહ પરિવાર | ૧૧,૦૦૦/- |
| શ્રી. જસવંતભાઈ જમનાદાસ મહેતા પરિવાર | ૧૧,૦૦૦/- |

**યાત્રા પ્રવાસના ખર્ચને પહોંચીવળવા હજુ વધુ નામ લેવાના છે. તેમાં શ્રેષ્ઠિવર્યોને લાભ લેવા વિનંતી.**
**નીચેની સ્કીમો મા પણ લાભ લેવા વિનંતી.**

| | |
|---|---|
| **બસ : રૂા. ૧૫૦૦૦/- મુખ્ય યજમાન બસ દીઠ** | **: રૂા. ૫૦૦૦/- સહ યજમાન** |
| **નવકારશી : રૂા. ૧૦૦૦૦/- મુખ્ય યજમાન** | **: રૂા. ૭૫૦૦/- સહ યજમાન** |
| **બપોરનું જમણ : રૂા. ૧૫૦૦૦/- મુખ્ય યજમાન** | **: રૂા. ૭૫૦૦/- સહ યજમાન** |
| **સાંજના ચૌવિહાર : રૂા. ૧૦૦૦૦/- મુખ્ય યજમાન** | **: રૂા. ૭૫૦૦/- સહ યજમાન** |

(ઉપરનો નકરો એક દિવસ માટેનો છે.

## રજીસ્ટ્રેશન તથા ફોર્મ નીચેના સ્થળે સ્વિકારવામાં આવશે.

**શ્રી. અમીષ નરેંદ્રભાઈ પરીખ**
૮૭/૮૯, સારંગ સ્ટ્રીટ,
૨જે માળે, દુકાન નં. ૭, મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો.: ૯૮૧૯૯૯૦૪૫૨

**શ્રી. નરેશ એસ. પરીખ**
બી-૧, વીરેશ્વર છાયા, થાણાવાલા લેન,
તેજપાલ રોડ, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ-૫૭.
મો.: ૯૮૨૧૨૭૫૪૬૩

**શ્રી. અક્ષય નરેંદ્રકુમાર શાહ**
બી/૧૬, દિપ બિલ્ડીંગ, પુષ્પા પાર્ક, રોડ નં.૧,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૭.
મો.: ૯૮૩૩૨૧૫૨૦૩

**શ્રી. જસવંત જે. મહેતા**
ડી-૨૧૧, સીતાપાર્ક સોસાયટી,
એસ.વ્હી.પી.રોડ, ભગવતી હોસ્પીટલની સામે,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૯૨.
ટે.ન. ૨૮૯૫૯૦૧૭ મો.: ૯૮૩૩૫૮૧૧૧૬

**શ્રી. કરન શાહ**
શોપ નં.૧૮, ગોવર્ધન ટૉવર, બ્રીજ ભુમી, ૧૫૦ફીટ રોડ,
એચ.ડી.એફ.સી.બૈંક ની ઉપર, ભાયંદર (વેસ્ટ).
ટે.ન. ૯૮૧૯૨૦૦૭૨૬

**શ્રી. નરેશ એસ. પરીખ** (પ્રમુખ) **શ્રી. જસવંત જે. મહેતા** (માનદ મંત્રી)

# ❈ નોટબુક ❈

દર વર્ષની જેમ આ વર્ષ પણ સંસ્થા દ્વારા સસ્તા દરે નોટબુકનું વિતરણ કરવામાં આવશે. આ વર્ષે ધોરણ ૧ થી કોલેજ માટે સ્પેશીયલ A/4 સાઈઝ બુક આપવામાં આવશે.

૧૮૦ પાના A/4 સાઈઝ સ્પેશીયલ બુકનાં રૂા. ૨૦૦/- એક ડઝનના રાખેલ છે.
નોટબુક વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ ૨૪ નંગ (૨ ડઝન) આપવામાં આવશે.

નોટબુક માટેની આપની અરજી તા. ૫-૦૫-૨૦૧૯ પહેલા (રીઝલ્ટની કૉપી સાથે) રૂા. ૧૦૦/-ડીપોઝીટ ઉપરના સરનામે પહોંચતી કરવી. ડીપોઝીટ નોટબુક લેવા આવશો ત્યારે હિસાબમાં એડજસ્ટ કરવામાં આવશે. નોટબુકો લેવા ન આવનારને ડીપોઝીટ પરત કરવામાં આવશે નહીં. નોટબુક ફક્ત પાર્લા, બોરીવલી તથા ભાયંદર સેંટર પર થી જ મળશે.

નોટબુક વિતરણ તા. ૦૨-૦૬-૨૦૧૯ રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે કરવામાં આવશે.

---

### ❈ ૨૦૧૯ નોટબુક ડીપોઝીટ ❈

શ્રી. ____________________ ગામ ____________ આપશ્રીની
૨૦૧૯ માટેની અરજી તથા રૂપિયા ૧૦૦/- (અંકે રૂપિયા સૌ) પુરા ડીપોઝીટ મળ્યા છે.

**શ્રી ત્રણ ગામ મહેસાણા ડિસ્ટ્રીક્ટ ચેરીટેબલ ટ્રસ્ટ**

સહી ____________________

---

### ❈ ૨૦૧૯ નોટબુક ડીપોઝીટ ❈

અરજી કરનાર શ્રી/શ્રીમતી ____________________ ગામ __________ ટેલી નં. __________

**સેંટર નું નામ પાર્લા / બોરીવલી / ભાયંદર**

| વિદ્યાર્થીનું નામ | ધોરણ | A/4 સાઈઝ બુક |
|---|---|---|
| | | |
| | | |
| | | |

**શ્રી ત્રણ ગામ મહેસાણા ડિસ્ટ્રીક્ટ ચેરીટેબલ ટ્રસ્ટ**
**૧, જેઠવા નિવાસ,**
**વિલેપાર્લે ગૌતમ કો.ઓ.હા.સો.લિ.,**
**૪૨ મહંત રોડ, વિલેપાર્લે (પૂર્વ),**
**મુંબઈ – ૪૦૦ ૦૫૭.**

**From :**

ટે.ન. ____________________

**માનનીય ટ્રસ્ટી મહોદય,**
**આપનો તા. ૧૪-૧૧-૨૦૧૯ થી ૨૫-૧૧-૨૦૧૯ ના રોજ આયોજીત યાત્રા- શ્રી સમેત શીખર પ્રવાસ નો પરિપત્ર મળેલ છે. યાત્રા પ્રવાસમાં અમારા કુટુંબમાંથી નીચેના સભ્યો પ્રવાસમાં જોડાશે તથા તેમા જણાવેલ નિયમો અમે વાચ્યાં છે અને અમને મંજુર કર્તા છે.**

| અ.નં. | નામ | ઉમર | પુરૂષ/સ્ત્રી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

**સભ્યની સહી** ____________________

**યાત્રા પ્રવાસના નિયમો**

૧) સંજોગ વસાત કાર્યક્રમના સ્થળ કે તારીખ માં ફેરફાર કરવાનો કે રદ કરવાનો હક્ક સમિતીનો રહેશે.
૨) કોઈપણ સંજોગોમાં રજીસ્ટ્રેશન ફી પરત કરવામાં નહી આવે. ૩) રજીસ્ટ્રેશન ફી ટ્રાન્સફરેબલ નથી.
૪) યાત્રા પ્રવાસનુ ફક્ત આયોજન સંસ્થા-સમિતી કરી રહી છે. પ્રવાસમાં કોઈપણ પ્રકારના અઘટીત બનાવ માટે સંસ્થા કે સંસ્થાના હોદ્દેદારો જવાબદાર રહેશે નહી.
૫) દરેક વ્યક્તિ પોતાની સંપૂર્ણ જવાબદારી સાથે યાત્રા પ્રવાસમાં જોડાય છે.
૬) યાત્રા પ્રવાસના ચાર્જીસ માં રેલ્વે, બસ ફેર, રાત્રી રોકાણ તથા જમણનો ખર્ચ સામેલ છે. અન્ય ખર્ચ દરેક વ્યક્તિએ પોતાનો આપવાનો રહેશે.
૭) યાત્રા પ્રવાસમાં સમય તથા હોદ્દેદારો દ્વારા જે સુચનો આપવામા આવે તેનુ પાલન કરવાનું રહેશે. સમય ન સાચવનાર વ્યક્તિમાટે રાહ જોવામા નહી આવે તેણે પોતાની મેળે અધુરા પ્રવાસે પોતાના ખર્ચે પરત આવવાનુ રહેશે.
૮) અરજી સાથે કુટુંબની કોઈપણ એક વ્યક્તિની આધાર કાર્ડ ની કોપી સાથે જોડવી.
૯) ૩ વર્ષથી ઉપરના બાળકનો સંપુર્ણ ચાર્જ ભરવાનો રહેશે.
પ્રવાસ દરમ્યાન આપનો સંપુર્ણ સાથ અને સહકાર ની અપેક્ષા.

---

**શ્રી/શ્રીમતી** ____________________

**તરફથી રૂા.** __________ **વ્યક્તિ** __________ **નીચે મુજબ તા. ૧૪-૧૧-૨૦૧૯ થી ૨૫-૧૧-૨૦૧૯ ના યાત્રા પ્રવાસ રજીસ્ટ્રેશનના મળેલ છે.**

**રજીસ્ટ્રેશન ચાર્જીસ વ્યક્તિદીઠ**

| | | |
|---|---|---|
| **સભ્ય પરિવાર** | **રૂા. ૮૦૦૦ X ______** | **=** |
| **દિકરી પરિવાર (બહાર ગામ)** | **રૂા. ૯૫૦૦ X ______** | **=** |
| **અન્ય વ્યક્તિ** | **રૂા. ૧૧૦૦૦X ______** | **=** |

**શ્રી ત્રણ ગામ મહેસાણા ડિસ્ટ્રીક્ટ ચેરીટેબલ ટ્રસ્ટ**

# શ્રી ત્રણ ગામ જૈન મિત્ર મંડળ-મુંબઈ

## શ્રી ત્રણ ગામ મહેસાણા ડિસ્ટ્રીક ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ

### શિખરજી પંચતીર્થી ભાગલપુર સાથે બનારસ યાત્રા કાર્યક્રમ

| દિવસ | તારીખ | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|
| ૧ | ૧૪/૧૧<br>ગુરૂવાર | મુંબઈ | રાત્રે ૯.૦૦ કલાકે ટ્રેન નં. ૧૨૩૨૨ દ્વારા પારસનાથ તરફ શુભ પ્રયાણ. |
| ૨ | ૧૫/૧૧<br>શુક્રવાર | ટ્રેનમાં | ટ્રેનમાં સફરનો આનંદ, અરસપરસ ઓળખાણ |
| ૩ | ૧૬/૧૧<br>શનિવાર | પારસનાથ<br>શિખરજી | આગમન બાદ શિખરજી તરફ પ્રયાણ. (સફર ૩૦ મિનિટ)<br>આગમન, દર્શન, નવકારશી, સેવાપુજા, તળેટી દર્શન, ભોજન, સ્વેચ્છા વિહાર, ચૌવિહાર, રાત્રી વિશ્રામ. |
| ૪ | ૧૭/૧૧<br>રવિવાર | શિખરજી | વહેલી સવારે ૪.૦૦ કલાકે ૨૦ તીર્થંકરોની નિવાર્ણભૂમિની પહાડયાત્રા, નવકારશી ભોજન જલમંદિરે, ચૌવિહાર ધર્મશાળામાં, રાત્રી વિશ્રામ. |
| ૫ | ૧૮/૧૧<br>સોમવાર | શીખરજી<br>ઋજુવાલિકા<br>ભાગલપુર | નવકારશી બાદ ભાગલપુર તરફ પ્રયાણ. (સફર ૧૦/૧૨ કલાક)<br>દર્શન ( શ્રી મહાવીરસ્વામીની કેવલજ્ઞાન ભૂમિ)<br>આગમન, ચૌવિહાર, રાત્રી વિશ્રામ. |
| ૬ | ૧૯/૧૧<br>મંગળવાર | ભાગલપુર<br>લચ્છવાડ | નવકારશી, સેવાપુજા, ભોજન બાદ લચ્છવાડ તરફ પ્રયાણ.<br>આગમન, ચૌવિહાર, રાત્રી વિશ્રામ. |
| ૭ | ૨૦/૧૧<br>બુધવાર | લચ્છવાડ<br><br><br>ગુણિયાજી<br>પાવાપુરી | નવકારશી બાદ પહાડયાત્રા, સેવાપુજા, (શ્રી મહાવીરસ્વામીના ચ્યવન, જન્મ, દીક્ષા કલ્યાણકભૂમિ) પાછા આવીને ભોજન-ચૌવિહાર બાદ પાવાપુરી તરફ પ્રયાણ.(સફર ૩ કલાક)<br>દર્શન, ( શ્રી ગૌતમસ્વામીની કેવલજ્ઞાનભૂમિ)<br>આગમન,રાત્રી વિશ્રામ. |
| ૮ | ૨૧/૧૧<br>ગુરૂવાર | પાવાપુરી<br>રાજગીરી<br><br><br>કુંડલપુર<br>પાવાપુરી | વહેલી સવારે રાજગીરી તરફ પ્રયાણ.<br>આગમન, નવકારશી બાદ ટાંગા દ્વારા પહાડયાત્રા, રોપ-વે, જાપાનીશ ટેમ્પલ, ગરમપાણીના કુંડ, વિરાયતન જોવાલાયક સ્થળોની મુલાકાત. આવીને ભોજન-ચૌવિહાર બાદ પાવાપુરી તરફ પ્રયાણ.<br>દર્શન, (શ્રી ગૌતમસ્વામીની જન્મભૂમિ)<br>આગમન, રાત્રી વિશ્રામ. |
| ૯. | ૨૨/૧૧<br>શુક્રવાર | પાવાપુરી | નવકારશી, સેવાપુજા, (શ્રી મહાવીરસ્વામીની નિર્વાણભૂમિ) જલમંદિર, સમોવસરણના દર્શન, ભોજન, ચૌવિહાર બાદ બનારસ તરફ પ્રયાણ. (સફર ૮/૧૦ કલાક) |
| ૧૦. | ૨૩/૧૧<br>શનિવાર | બનારસ | સવારે આગમન, નવકારશી, ભેલુપુર(શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચાર કલ્યાણકભૂમિ)માં સેવાપુજા, ભદૈની દર્શન (શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના ચાર કલ્યાણકભૂમિ) ભોજન બાદ ચંદ્રપુરી દર્શન(શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાનના ચાર કલ્યાણકભૂમિ), સિંહપુરી દર્શન(શ્રી શ્રેયાસનાથ ભગવાનના ચાર કલ્યાણકભૂમિ), ચૌવિહાર, રાત્રી વિશ્રામ. |
| ૧૧. | ૨૪/૧૧<br>રવિવાર | બનારસ | નવકારશી બાદ સવારે ૯.૩૦ કલાકે ટ્રેન નં ૧૨૧૬૮ દ્વારા મુંબઈ તરફ પ્રયાણ. |
| ૧૨. | ૨૫/૧૧<br>સોમવાર | મુંબઈ | બપોરે ૧૨.૦૦ કલાકે આગમન. "યાત્રા સમાપ્ત" જય જિનેન્દ્ર. |

**સાથે લાવવાની વસ્તુઓઃ-** પૂજાના કપડા, બેટરી, તાળું, સાંકળ, દોરી, અંગત દવાઓ, બીમારીની ફાઈલ, ગરમપાણી પીનારે સાધન સાથે લેવુ, કછૂઆ અગરબતી વિગેરે. પોતાનો **આઈ.ડી. પ્રુફ(ઓરીજનલ)** ફરજીયાત લેવાના રહેશે.

#### ટુર ખર્ચમાં સામેલ

- ★ પિવા માટે મિનરલ વોટર (રોજની ૧ બોટલ) (ધર્મશાળામાં ૨૦Lt.ના ઝાર રહેશે.)
- ★ ટ્રેનમાં ભોજન વ્યવસ્થા ટૂર ઓપરેટરની રહેશે.
- ★ રેલ્વે ટીકીટ SL Class
- ★ રૂમમાં ૪/૫ જણનો સમાવેશ રહેશે.
- ★ બસ ૨×૨ AC પુશબેક. ★ સ્વતંત્ર રસોડું.

#### ટુર ખર્ચમાં સામેલ નથી

- ★ એન્ટ્રી ફી, રોપ-વે ફી, ડોલી ખર્ચ.
- ★ સ્ટેશન પર કુલી ખર્ચ.
- ★ ટાંગા, રીક્ષા, ટેક્ષી, ટેલીફોન, લોંડ્રી વિગેરે.

**નોંધઃ-** સંજોગવશાત ઉપર મુજબના કાર્યક્રમમાં ફેરબદલ અથવા રદ્ કરવાનો હક્ક સંસ્થાનો રહેશે.





















